# ભારતે શ્રીલંકા સામે 222 રનનો લક્ષ્યાંક મુક્યો

**સ્મૃતિ** અને શેફાલી વચ્ચે પ્રથમ વિકેટ માટે રેકોર્ડ 162 રનની ભાગીદારી થઇ

**સ્મૃતિ** મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10,000 રન બનાવનારી બીજી ભારતીય અને એકંદરે ચોથી ખેલાડી બની

**ભારતીય** મહિલા ટીમે ટી-20માં તેનો સૌથી મોટો સ્કોર બનાવ્યો



થિરુવનંતપુરમ, તા. 28 (PTI): સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની અડધી સદી અને પ્રથમ વિકેટ માટે રેકોર્ડ સદીની ભાગીદારીની મદદથી ભારતે રવિવારે અહીં ચોથી મહિલા ટી-20 મેચમાં શ્રીલંકા સામે બે વિકેટે 221 રનનો રેકોર્ડ સ્કોર બનાવ્યો.

પ્રથમ ત્રણ મેચમાં નિષ્ફળતા બાદ, સ્મૃતિએ 48 બોલની ઈનિંગમાં 11 ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે 80 રન બનાવીને વાપસી કરી. શેફાલીએ પોતાની સતત ત્રીજી અડધી સદીમાં 46 બોલમાં 12 ચોગ્ગા અને એક છગ્ગા સાથે 79 રન બનાવ્યા. આ જોડીએ પ્રથમ વિકેટ માટે 162 રનની ભાગીદારી કરી, જે આ ફોર્મેટમાં કોઈપણ ભારતીય વિકેટ માટે અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી છે.

ઋચા ઘોષ (16 બોલમાં અણનમ 40) અને કેપ્ટન હરમનપ્રીત કૌરે (16 અણનમ) 23 બોલમાં ત્રીજી વિકેટ માટે 53 રનની અતૂટ ભાગીદારી ઉમેરીને ભારતને આ ફોર્મેટમાં તેના સર્વોચ્ચ સ્કોર સુધી પહોંચાડ્યું. ટીમે અગાઉ ડિસેમ્બર 2024માં વેસ્ટ ઈન્ડિઝ સામે ચાર વિકેટે 217 રન બનાવ્યા હતા. ભારતીય ટીમે પોતાની ઈનિંગમાં 28 ચોગ્ગા અને 8 છગ્ગા ફટકાર્યા હતા, જે આ ફોર્મેટમાં કોઈ ટીમ દ્વારા સૌથી વધુ બાઉન્ડ્રી મારવાનો નવો રેકોર્ડ બનાવે છે.

શ્રીલંકાના કેપ્ટન ચમારી અટાપટ્ટુએ ટોસ જીતીને ભારતને બેટિંગ માટે આમંત્રણ આપ્યું, ત્યારબાદ સ્મૃતિ અને શેફાલીએ યજમાન ટીમને વિસ્ફોટક શરૂઆત અપાવી.

સ્મૃતિએ જેમ જ 27 રન બનાવ્યા તે મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 10,000 રન બનાવનારી બીજી ભારતીય અને એકંદરે ચોથી ખેલાડી બની. ભારતની મિતાલી રાજ, ઈંગ્લેન્ડની ચાર્લોટ એડવર્ડ્સ અને ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સે અગાઉ આ સિદ્ધિ મેળવી છે. સ્મૃતિએ સૌથી ઓછા સમયમાં, 281 ઈનિંગ્સમાં આ સિદ્ધિ હાંસલ કરીને નવો રેકોર્ડ બનાવ્યો.

# શ્રીલંકા સામેની T-20 માટે બાબર, શાહીનને પાકિસ્તાની ટીમમાં સામેલ ન કરાયા

**બાબર**, શાહીન, હરિસ રૌફ, હસન અલી અને મોહમ્મદ રિઝવાન **ઓસ્ટ્રેલિયાની** BBLમાં રમવાનું ચાલુ રાખશે

**સલમાન** અલી આગા કેપ્ટન, શાદાબ ખાનની ટીમમાં વાપસી





લાહોર, તા. 28 (પીટીઆઈ): પાકિસ્તાને શ્રીલંકામાં આવતા મહિને રમાનાર T20 આંતરરાષ્ટ્રીય સિરીઝ માટે ઓલરાઉન્ડર શાદાબ ખાનનો ટીમમાં સમાવેશ કર્યો છે, પરંતુ ઓસ્ટ્રેલિયામાં બિગ બેશ લીગમાં (BBL) રમી રહેલા બેટ્સમેન બાબર આઝમ કે ફાસ્ટ બોલર શાહીન આફ્રિદીને પરત બોલાવ્યા નથી.

શાદાબ 7 જાન્યુઆરી, 2026થી શરૂ થનારી ત્રણ મેચની શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછો ફરશે. ખભાની સર્જરીને કારણે આ વર્ષે જૂનથી રમતથી બહાર રહ્યા બાદ, તે આ મહિને BBL માં સ્પર્ધાત્મક ક્રિકેટમાં પાછો ફર્યો, જ્યાં તેણે તેના દેશના સાથી ખેલાડીઓ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું. બાબર, શાહીન, હરિસ રૌફ, હસન અલી અને મોહમ્મદ રિઝવાન BBLમાં રમી રહેલા અન્ય પાકિસ્તાની ખેલાડીઓ છે. તેમાંથી કોઈને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી અને તેઓ ઓસ્ટ્રેલિયન લીગમાં રમવાનું ચાલુ રાખશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને ખાતરી આપી હતી કે BBLમાં રમી રહેલા તેના ખેલાડીઓ આખી સીઝન માટે ઉપલબ્ધ રહેશે, અને આ જ કારણ છે કે આ ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી. પાકિસ્તાને સલમાન અલી આગાના નેતૃત્વમાં 15 સભ્યોની ટીમ પસંદ કરી છે, જેમાં બેટ્સમેન ખ્વાજા નાફેના રૂપમાં એક નવો ચહેરો શામેલ છે.

**પાકિસ્તાની ટીમ:** સલમાન અલી આગા (કેપ્ટન), અબ્દુલ સમદ, સૈમ અયુબ, સાહબઝાદા ફરહાન, ફખર ઝમાન, શાદાબ ખાન, ફહીમ અશરફ, મુહમ્મદ નવાઝ, અબરાર અહેમદ, ઉસ્માન તારિક, ઉસ્માન ખાન, ખ્વાજા નાફે, નસીમ શાહ, સલમાન મિર્ઝા અને મુહમ્મદ વસીમ જુનિયર.

# બ્રેટ લીને ઓસ્ટ્રેલિયન ક્રિકેટ હોલ ઓફ ફેમમાં સામેલ કરાયો

**શોએબ** અખ્તર સાથે તેને ક્રિકેટ ઇતિહાસનો સૌથી ઝડપી બોલર માનવામાં આવે છે



મેલબોર્ન, તા. 28 (પીટીઆઈ): ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન બોલર બ્રેટ લીને 'ઓસ્ટ્રેલિયન ક્રિકેટ હોલ ઓફ ફેમ'માં સામેલ કરવામાં આવ્યો છે. આ સંસ્થાની સ્થાપના ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા 1996માં કરવામાં આવી હતી. સર ડોન બ્રેડમેન સહિત ઘણા ઓસ્ટ્રેલિયન મહાન ખેલાડીઓને હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે. તેની કારકિર્દી દરમિયાન, લી તેની ગતિ અને સચોટ લાઇન અને લેન્થ માટે પ્રખ્યાત હતો. શોએબ અખ્તર સાથે તેને ક્રિકેટ ઇતિહાસનો સૌથી ઝડપી બોલર માનવામાં આવે છે. બ્રેટ લીએ 1991માં ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તેણે ભારત સામેની તેની પ્રથમ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટ લીધી હતી.

દિગ્ગજ બોલર બ્રેટ લી ઝડપી બોલિંગ પ્રત્યે એટલો ઝનુની હતા કે તેણે નવ વર્ષની ઉંમરે 160 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરવાનું લક્ષ્ય બનાવી લીધું હતું, અને જ્યાં સુધી તે આ જાદુઈ આંકડો પ્રાપ્ત ન કરી લેતો ત્યાં સુધી તેના માટે કોઈ પણ બાબત મહત્વની ન હતી, ન તો કોઈ વ્યક્તિગત સિદ્ધિ ન ટોચના બેટ્સમેનોને આઉટ કરવું. લીએ પોતાની કારકિર્દીમાં તમામ ફોર્મેટમાં કુલ 718 આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી હતી.

49 વર્ષીય લીએ કહ્યું કે તેણે આ સ્વપ્નને પ્રાપ્ત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. તે સિદ્ધી (160 કિ.મી. પ્રતિ કલાક) મારા માટે કોઈ પણ વિકેટ કરતા વધુ મહત્વની છે. જોકે ટીમ સર્વોચ્ચ સ્થાને છે અને વર્લ્ડકપ (2003) જીતવું, સતત 16 ટેસ્ટ જીતવી તે સર્વોચ્ચ સિદ્ધી છે.'

## લીએ બે વખત 160 કિમીની ઝડપ વટાવી

લીએ પોતાની કારકિર્દીમાં બે વાર 160 કિમી પ્રતિ કલાકની ઝડપ વટાવી છે. પહેલી વાર 2003માં દક્ષિણ આફ્રિકામાં રમાયેલા વર્લ્ડકપ દરમિયાન તેણે શ્રીલંકાના માર્વન અટાપટ્ટુને સેમિફાઇનલમાં 160.1 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકીને આઉટ કર્યો હતો. ત્યારબાદ તેણે 5 માર્ચ, 2005ના રોજ નેપિયરમાં ન્યુઝીલેન્ડ સામેની પાંચમી વનડે દરમિયાન 160.8 કિમી પ્રતિ કલાકની ઝડપે બોલ ફેંકવાનો રેકોર્ડ બનાવ્યો.



# બોક્સિંગ ડે પિચ વિવાદ: એમસીજીના ક્યુરેટરે કહ્યું પ્રથમ દિવસે 20 વિકેટ પડતા તેમને આઘાત લાગ્યો

**અમે** એ રીતે પિચ તૈયાર કરવા માગતા હતા કે પૂરા ચાર-પાંચ દિવસ મેચ ચાલે અને તેનો રોમાંચક અંત આવે: ક્યુરેટર

મેલબર્ન, તા. 28 (પીટીઆઈ): મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડના (MCG) મુખ્ય ક્યુરેટર મેથ્યુ પેજે સ્વીકાર્યું કે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે બોક્સિંગ ડે ટેસ્ટના પહેલા દિવસે (26 ડિસેમ્બર) 20 વિકેટ પડી ગયા બાદ તેમને 'આઘાતમાં લાગ્યો હતો, અને ફાસ્ટ બોલર-ફ્રેન્ડલી પિચ નીરસ ડ્રો ટાળવા માટે તૈયાર કરવામાં આવી હતી. મેચની શરૂઆતથી અંત સુધી સતત વિકેટો પડી હતી અને મેચ બે દિવસમાં સમાપ્ત થઈ. ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવ્યું.

2017ની એશિઝ શ્રેણીની મેચ નીરસ ડ્રો થયા પછી MCG પિચને પુનર્જીવિત કરવા માટે નિયુક્ત ક્યુરેટર પેજે રવિવારે સ્વીકાર્યું કે પિચ પર 10 મીમી ઘાસ છોડવું વધુ પડતું સાબિત થયું. આના પરિણામે માત્ર 142 ઓવરમાં 36 વિકેટ ગુમાવવી પડી. ઉલ્લેખનીય છે કે ચાહકો અને વર્તમાન-ભૂતપૂર્વ ખેલાડીઓ દ્વારા આ પિચની આકરી ટીકા કરવામાં આવી હતી. પેજે કહ્યું, 'અમે એ રીતે પિચ તૈયાર કરવા માગતા હતા કે પૂરા ચાર-પાંચ દિવસ બેટ અને બોલ વચ્ચે સંતુલન જળવાઈ રહે અને મેચનો રોમાંચક અંત આવે. ત્રીજા અને ચોથા દિવસે મોસમ ગરમ રહેવાની આગાહીના કારણે પિચ પર વધારાની ઘાસ છોડવામાં આવી હતી.

# વર્લ્ડ રેપિડ ચેસ: હમ્પી સંયુક્ત રીતે ટોચ પર, ગુકેશ, એરીગૈસી સારી સ્થિતિમાં



**રશિયન** ગ્રાન્ડમાસ્ટર આર્ટેમિવે વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસન અને એરિગૈસીને હરાવ્યા

દોહા, તા. 28 (પીટીઆઈ): FIDE વર્લ્ડ રેપિડ ચેસ ચેમ્પિયનશિપના બીજા દિવસે ડિફેન્ડિંગ ચેમ્પિયન કોનેરુ હમ્પીએ ધીરજ અને ખંતનું અદ્ભુત પ્રદર્શન કર્યું અને મહિલા વર્ગમાં તેની સંયુક્ત લીડ જાળવી રાખી, જ્યારે ભારતના સ્ટાર ખેલાડીઓ ડી ગુકેશ અને અર્જુન એરિગૈસી પણ ઓપન કેટેગરીમાં સ્પર્ધામાં રહ્યા.

મહિલા વર્ગમાં ત્રણ રાઉન્ડ બાકી હોવાથી, હમ્પી મહત્તમ આઠ પોઈન્ટમાંથી 6.5 પોઈન્ટ સાથે ચીનની ઝુ જીનર સાથે ટોચ પર છે. ભારતની દ્રોણવલ્લી હરિકા સહિત છ પોઈન્ટ સાથે દસ ખેલાડીઓ બે ખેલાડીઓથી પાછળ છે.

ઓપન કેટેગરીમાં 13 ખેલાડીઓ છે, જેમાં ક્લાસિકલ ફોર્મેટમાં વર્લ્ડ ચેમ્પિયન ગુકેશ અને એરિગૈસી નવ રાઉન્ડ પછી પણ ટાઇટલ માટે સ્પર્ધામાં છે. ભારતીય જોડી સંયુક્ત લીડર વ્લાદિસ્લાવ આર્ટેમીવ અને હાન્સ નીમેનથી (પ્રત્યેક 7.5 પોઈન્ટ) એક પોઈન્ટ પાછળ છે.

પુરુષ વર્ગમાં 27 વર્ષીય રશિયન ગ્રાન્ડમાસ્ટર આર્ટેમિવે વિશ્વના નંબર વન અને પાંચ વખતના વર્લ્ડ રેપિડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસન અને એરિગૈસીને હરાવીને ટુર્નામેન્ટમાં છવાયો હતો.

સંયુક્ત રીતે આગળ ચાલી રહેલા આર્ટેમીવ અને ન્યુમેન પછી ચાર ખેલાડીઓ - મેગ્નસ કાર્લસન, એલેક્સી સ્રાના, યાગીઝ એર્ડોગમસ અને નોડિરબેક અબ્દુસત્તોરોવ - તેમનાથી અડધા પોઈન્ટ પાછળ બીજા સ્થાને છે.

મહિલા વર્ગમાં ખૂબ જ રોમાંચક મુકાબલો જોવા મળ્યો, જેમાં ભારતની બે વખતની વર્લ્ડ રેપિડ ચેમ્પિયન હમ્પીએ સારા ખાદેમને હરાવીને સાતમા રાઉન્ડના અંતે છ પોઈન્ટ સાથે એકમાત્ર સરસાઈ મેળવી, જ્યારે આઠ ખેલાડીઓ અડધા પોઈન્ટથી પાછળ હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૬ | ૨ |
| | | | | ૩ | | | | |
| | | ૨ | | ૮ | | ૭ | ૫ | ૩ |
| ૯ | | ૭ | ૪ | | | | ૩ | ૫ |
| ૩ | | ૫ | ૮ | ૯ | | ૪ | | |
| | ૬ | | | | ૩ | ૮ | | |
| | ૨ | | | | | | | |
| ૪ | ૩ | | | | | ૬ | ૧ | ૭ |
| ૭ | | ૯ | ૧ | | ૪ | ૩ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### સાંધાનો દુખાવો

બે ચમચી મેથીના દાણા એક વાટકીમાં પાણી મા રાત્રે ભીંજવી દો. સવારે પાણી નિતારી ફેંકી દો. મેથી ચાવીને ખાઈ જાવ. રાત્રે હળદર વાળું ગરમ દૂધ પીવું. રોજ નાસ્તા મા એક કપ ગરમ હુંફાળા પાણીમાં બે ચમચી તજ ચૂર્ણ અને એક ચમચી મધ ભેળવી પીવું.

## શબ્દગુંફન - ૭૧૩૧

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ■ | ૫ | ૬ |
| ■ | | ■ | | ■ | ૭ | | ૮ | ■ | |
| ૯ | | ૧૦ | ■ | ૧૧ | | ■ | ૧૨ | | |
| | ■ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| ૧૬ | ૧૭ | ■ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ■ |
| ૨૩ | | ■ | ૨૪ | ■ | ૨૫ | ૨૬ | | ■ | ૨૭ |
| | ■ | ૨૮ | | ૨૯ | ■ | | ■ | ૩૦ | |
| ૩૧ | ૩૨ | | ■ | ૩૩ | | | | | ■ |
| ■ | | ■ | ૩૪ | | ■ | | ■ | ૩૫ | |

**આડી ચાવી**
૧. ભરથરીનું તંતુવાદ્ય (૫)
૫. તંતુ, દોરો (૨)
૭. ઘોડાવાળો, શૂરવીર (૩)
૯. ઝટ, એકદમ (૩)
૧૧. રોજગાર, ધંધો (૨)
૧૨. મૂળ કિંમત (૩)
૧૩. આંખ (૩)
૧૫. તાબે, આધીન (૨)
૧૬. મૃત્યુના દેવ (૨)
૧૮. એક જાતનું કાપડ (૨)
૧૯. તૃપ્ત, ધરાયેલું (૨)
૨૦. પર્વત (૨)
૨૧. શરીર ગરમ રહેવાનો રોગ (૨)
૨૨. નિર્ણય, ઉકેલ (૨)
૨૩. ક્રિકેટમાં દોડીને લેવાય (૨)
૨૫. રોકડું (૩)
૨૮. દિન, દહાડો (૩)
૩૦. આદર, સન્માન (૨)
૩૧. સૂર્ય (૩)
૩૩. એક વનસ્પતિ (૫)
૩૪. નમેલું (૨)
૩૫. અક્કલ (૨)

**ઊભી ચાવી**
૨. સહાય, મદદ (૩)
૩. હાથ (૨)
૪. ફરિયાદ (૨)
૬. ખેલાડી (૫)
૭. ખુશ (૨)
૮. શોધ (૩)
૯. પુત્ર (૩)
૧૦. શરીર (૨)
૧૧. રાત્રે ચોકી માટે નીકળવું (૨)
૧૪. જૈન સાધુ (૨)
૧૫. જંગલ (૨)
૧૭. ચિંતન (૩)
૧૮. જિંદગી (૩)
૧૯. એક તેલી બી (૨)
૨૨. સીમા (૨)
૨૩. ખેલ (૩)
૨૪. પગથિયાવાળો કૂવો (૨)
૨૬. ગણપતિ (૪)
૨૭. આદમી (૨)
૨૮. દિવસ (૨)
૨૯. નજર, યાદદાસ્ત (૩)
૩૦. શોક, રડાકૂટ (૩)
૩૨. પદવિ, દરજ્જો (૨)

## આજનું પંચાંગ

**તા. 29/12/2025, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** સુદ: નોમ 10:13, શ્રી હરિ જયંતિ
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ :08
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :**શિશિર
**નક્ષત્ર :** રેવતી:07:42 પછી અશ્વિનીનો ક્ષય છે.
**યોગ :** પરિઘ **કરણ:** તૈતિલ
**રાશિ:** મીન (દ,ચ,ઝ,થ) 07:42 પછી મેષ (અ,લ,ઇ,)
**દિવસ :** મિશ્ર બુધ ધનમાં 07:24
**સુરતમાં સૂર્યોદય :** 07:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:05 **નવકારસી:** 08:04
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 08મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે:- 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** કોઇ પ્રભાવશાળી વ્યક્તિને મળવાનું બનશે. વાદ-વિવાદ ટાળવો. પારિવારિક કામમાં ગતિ આવે. પ્રવાસમાં સાવધાન.

**વૃષભ (બ,વ,ઉ,):** આરોગ્ય નરમ રહે. પડવા - વાગવાથી સંભાળવું લેવડ-દેવડમાં સભાનતા રાખવી. ગુપ્ત ભય સતાવે.

**મિથુન (ક,છ,ઘ,):** વડીલોના માર્ગદર્શનથી લાભ થાય. વફાદાર મિત્રોનો સાથ મળે. પ્રેમમાં અનુકૂળતા રહે. આવક વધે.

**કર્ક (ડ,હ,):** નોકરીની તલાશ પૂર્ણ થાય. ધંધામાં નવા સોદા પાર પડે. વડીલોની મદદ થી નવું કામ શરૂ થાય. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** પ્રવાસ પર્યટન, શિક્ષણ, કાયદા કાનૂન અને વિદેશનાં કામમાં પ્રગતિ થાય. મનોરંજન પાર્ટી થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** અણગમતા સમાચાર મળે. નોકરીમાં જવાબદારી વધે. સ્વજનો સાથે વિવાદ ટાળવો. ધર્મ-કર્મ થાય.

**તુલા (ર,ત,):** સમાજ જીવનમાં યશ મળે. રોજની આવક વધે. અટકેલાં કામ થાય. કોર્ટ કચેરીમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્ય સતાવે. ખર્ચા વધશે. સરકારી નોકરીમાં તક મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોઇ સમસ્યાનું સમાધાન થાય. વડીલોની મદદ મળે. પ્રેમમાં સાથ મળે. આવક વધારવાની તક.

**મકર (ખ,જ,):** ઘરમાં ધીરજ રાખવી. કોઇની વાતોમાં આવવું ભારે પડશે. નવા ફેરફારથી તક મળશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અટકેલાં કામ પાર પડે. ઉઘરાણી આવે. મિત્રો સાથે નવા કામની યોજનામાં ગતિ આવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ધંધામાં આવક વધે. ઘરમાં શાંતિ રાખવી. વારસાગત ધંધામાં નવી તક મળે.

## કોઇ પણ સાલમાં 29 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે નવા ફેરફાર નવી, ટેકનોલોજી અને નવી જવાબદારી તેમજ નવા વાતાવરણમાં કામ કરવાની તક અને શિખવાનું મળે. સમાજમાં સામાન્ય રહે.ઉંમરલાયકના વિવાહ થાય. નોકરી-ધંધા-વેપાર-સમાજ અને પરિવાર વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ઘર, વાહન મકાનની યોજનામાં વડીલોની મદદથી શરૂઆતમાં સફળતા મળે. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને દોડ-ધામ વધશે. વારસા જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવશે. મિત્રોની મદદ આવક વધારવાની યોજનાઓ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈમાં આવક વધારવાની યોજનામાં ગતિ આવે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં સામાજિક પ્રશ્નો અશાંતિ પેદા કરશે.

# EPL રાઉન્ડઅપ: આર્સેનલ ટેબલમાં ટોચના સ્થાને જળવાઈ રહ્યું



માન્ચેસ્ટર, તા. 28 (એપી): આર્સેનલ છેલ્લી ઘડીએ બ્રાઇટન સામેના મજબૂત વળતા હુમલાને અટકાવીને ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં (EPL) પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું, પરંતુ માન્ચેસ્ટર સિટી અને એસ્ટન વિલા પણ પાછળ નથી.

આ ત્રણેય ટીમો ટોચના સ્થાન માટે રોમાંચક સ્પર્ધામાં છે. ટેબલમાં પ્રથમ અને ત્રીજા સ્થાન વચ્ચે ફક્ત ત્રણ પોઈન્ટનો તફાવત છે.

માન્ચેસ્ટર સિટીએ નોટિંગહામ ફોરેસ્ટ પર 2-1થી જીત મેળવીને થોડા સમય માટે ટોચનું સ્થાન પાછું મેળવ્યું, પરંતુ આર્સેનલે થોડા સમય પછી બ્રાઇટનને તે જ માર્જિનથી હરાવીને ટોચનું સ્થાન પાછું મેળવ્યું. તે હવે માન્ચેસ્ટર સિટીથી બે પોઈન્ટ આગળ છે.

એસ્ટન વિલાએ ચેલ્સી સામે 2-1થી વિજય સાથે પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું, અને તમામ સ્પર્ધાઓમાં તેમનો વિજય ક્રમ 11 મેચ સુધી લંબાવ્યો.

આર્સેનલના હવે 18 મેચોમાં 42 પોઈન્ટ છે, જ્યારે માન્ચેસ્ટર સિટીના એટલી જ મેચોમાં 40 પોઈન્ટ છે અને એસ્ટન વિલાના 39 પોઈન્ટ છે. લિવરપૂલ ચોથા સ્થાને છે પણ તેના 32 પોઈન્ટ છે.

લિવરપૂલે છેલ્લા સ્થાને રહેલા વોલ્વરહેમ્પ્ટન સામે 2-1થી જીત મેળવીને તેની પ્રભાવશાળી વાપસી ચાલુ રાખી જેનાથી તે ચોથા સ્થાને પહોંચી ગયું. વોલ્વરહેમ્પ્ટને સિઝનની શરૂઆતથી અત્યાર સુધીનો સૌથી લાંબો જીત વગરનો સિલસિલો બનાવવાનો નવો પ્રીમિયર લીગ રેકોર્ડ બનાવ્યો.

# સિરી-એ: એસી મિલાન, હેલાસ વેરોનાને હરાવી ટેબલમાં ટોચ પર પહોંચ્યુ

રોમ, તા. 28 (એપી): ક્રિશ્ચિયન પુલિસિક પોતાની કારકિર્દીની શ્રેષ્ઠ સીઝનમાંથી પસાર થઈ રહ્યો છે, એક એવી સીઝનમાં જેનો અંત તેના દેશ અમેરિકામાં વર્લ્ડકપ સાથે થશે. અમેરિકન ખેલાડીએ એસી મિલાન માટે પ્રથમ ગોલ કર્યો હતો જેની મદદથી એસી મિલાને રવિવારે સિરી-Aમાં હેલાસ વેરોના સામે 3-0થી વિજય મેળવ્યો હતો. આ સાથે જ પુલિસિકે 15 મેચોમાં કુલ 10 ગોલ કર્યા અને બે ગોલ આસિસ્ટ કર્યા છે. આ વિજયથી એસી મિલાન ઇટાલિયન લીગ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું તે ઇન્ટર મિલાનથી બે પોઈન્ટ આગળ છે. ઓગસ્ટમાં સીઝનના ઓપનરમાં ક્રેમોનીઝ સામે હાર્યા બાદ એસી મિલાન સિરી-Aમાં હાર્યું નથી. પુલિસિક પહેલા હાફના વધારાના સમયમાં લુકા મોડ્રિકના કોર્નરથી પાસ પછી, નજીકના અંતરેથી વોલી કરવા માટે યોગ્ય સમયે યોગ્ય સ્થાને હતો. બ્રેક બાદ ક્રિસ્ટોફર કુનકુએ પેનલ્ટીને ગોલમાં પરિવર્તિત કરી સિરી-એમાં તેનો પ્રથમ ગોલ નોંધાવ્યો હતો તેના ચાર મિનિટ બાદ તેણે બીજો ગોલ કર્યો હતો.

